છોટાઉદેપુરમાં મેઘરાજાની એન્ટ્રી બાદ નદીઓમાં નવા નીર

નસવાડી તાલુકાના દમોલી કોઝવે પર પાણી ભરાયા

ધમધમત પાણીમાંથી વાહનો અને લોકો પસાર થવા મજબૂર

(પ્રતિનિધિ) નસવાડી, તા.24

નસવાડી તાલુકાના દમોલી ગામ પાસે અશ્વિન નદી પર આવેલા નીચાણવાળા કોઝવે પર ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે પાણી ફરી વળતા ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે કોઝવેના નાળાની પાઈપોમાં કચરો જામ થઈ જવાને કારણે પાણી કોઝવે પર પ્રસરી રહ્યું છે જેના કારણે લોકોને ઘૂંટણ સમા પાણીમાંથી પોતાના વાહનો અને જાતે પસાર થવાની ફરજ પડી રહી છે. આ સ્થિતિ જીવલેણ સાબિત થઈ શકે છે, કારણ કે અગાઉ આ કોઝવે પર અનેક ડૂબી જવાની ઘટનાઓ બની ચૂકી છે. આ લો-લેવલ કોઝવે છોટાઉદેપુર અને કવાંટ તાલુકાના ગામો સહિત આસપાસના લગભગ 10 ગામોને જોડતો મુખ્ય માર્ગ છે. ચોમાસામાં અશ્વિન નદી બે કાંઠે વહેતી હોવાથી, નદીનો કચરો કોઝવેના પાઈપમાં ભરાઈ જાય છે. આ કચરાને કારણે પાણીનો નિકાલ યોગ્ય રીતે થતો નથી અને કોઝવે પર પાણી ભરાઈ જાય છે. પરિણામે, વાહનચાલકો અને રાહદારીઓને જીવના જોખમે આ પાણીમાંથી પસાર થવું પડે છે. કોઝવે પણ જર્જરિત હાલતમાં હોવાથી તેમાં ખાડા પડી ગયા છે જેમાં પાણી ભરાઈ જતાં વાહનો ખાડાઓમાં પટકાઈ રહ્યા છે જેનાથી અકસ્માતનો ભય વધી ગયો છે જ્યારે પંચાયત માર્ગ મકાન વિભાગના અધિકારીઓ કોઝવના કચરાની સફાઈ પણ કરાવતા નથી જ્યારે સ્થાનિક લોકો દ્વારા આ કોઝવે પર પુલ બનાવવા માટે અનેક વાર રજૂઆતો કરવામાં આવી છે. તેમનું કહેવું છે કે પુલના અભાવે દર ચોમાસામાં તેમને આ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વર્ષોથી ચાલી આવતી આ સમસ્યાનો હજુ સુધી કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી, જેના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પુલ નિર્માણની માંગ ફરી એકવાર જોર પકડી રહી છે.

કરજણ ડેમમાંથી પાણી છોડાતાં ચાંદોદ ખાતે નર્મદા બે કાંઠે વહેતી થઈ

(પ્રતિનિધિ) કરજણ, તા.24

તીર્થધામ ચાંદોદ ખાતે કરજણ ડેમમાંથી પાણી છોડાતા સૂકીભટ્ટ નર્મદા નદીમાં ફરી જીવંત પ્રવાહ જોવા મળ્યો છે. કરજણ ડેમનું ફુલ લેવલ જાળવવા માટે ડેમના પાંચ દરવાજા 2.60 મીટર સુધી ખોલીને અંદાજે 43,110 ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. તેના પરિણામે નર્મદા નદીમાં પાણીના પ્રવાહમાં નોંધપાત્ર વધારો થયો છે.

આ સિઝનમાં બીજી વખત નર્મદા નદી બે કાંઠે વહેતી જોવા મળતા ચાંદોદના ઘાટો પર મનોહર દૃશ્યો સર્જાયા છે. નર્મદાનું આ ભવ્ય સ્વરૂપ જોવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. ચાંદોદ નર્મદા, ઓરસંગ અને સરસ્વતી નદીઓના ત્રિવેણી સંગમ તરીકે પ્રસિદ્ધ પવિત્ર તીર્થધામ હોવાથી અહીં રોજિંદા હજારો શ્રદ્ધાળુઓ દર્શન, સ્નાન અને ધાર્મિક વિધિઓ માટે આવે છે. નર્મદાના દોહડા થતાં ઘાટો પર ભક્તિમય વાતાવરણ છવાયું છે અને સ્થાનિકોમાં પણ આનંદની લાગણી જોવા મળી રહી છે. નર્મદાના વહેતા નીરને નિહાળવા અને ધાર્મિક આસ્થાનો લાભ લેવા માટે શ્રદ્ધાળુઓની અવરજવર સતત વધી રહી છે.

જોજવા પાસે ઓરસંગ નદીનો આડબંધ સીઝનમાં પ્રથમવાર ઓવરફ્લો, ખેડૂતોમાં ખુશીની લહેર

(પ્રતિનિધિ) બોડેલી, તા. 24

છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે દિવસથી પડી રહેલા સારા વરસાદના પગલે બોડેલી તાલુકાના જોજવા ગામ પાસે આવેલો ઓરસંગ નદીનો આડબંધ આ ચોમાસાની સીઝનમાં પ્રથમ વખત ઓવરફ્લો થયો છે. ઓરસંગ નદી જિલ્લાની જીવાદોરી સમાન ગણાતી હોવાથી આડબંધ ઓવરફ્લો થતાં ખેડૂતો સહિત સ્થાનિકોમાં આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. આડબંધ પરથી પાણીની સતત આવક સાથે ઓવરફ્લો થતાં મનમોહક અને અલ્હાદક દૃશ્યો સર્જાયા છે, જેને નિહાળવા લોકો પણ ઉમટી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી વરસાદમાં વિરામ આવતાં ખેડૂતો સિંચાઈ અને પાકને લઈને ચિંતિત બન્યા હતા. જોકે, છેલ્લા બે દિવસના સારા વરસાદે ખેડૂતોમાં નવી આશા જગાવી છે.

પાદરા-વડું પંથકમાં ૧૩ મીમી વરસાદ, મોસમનો કુલ વરસાદ ૩૫૫ મીમી પહોંચ્યો

(પ્રતિનિધિ) પાદરા, તા. 24

પાદરા-વડું પંથકમાં શુક્રવારે વહેલી સવારે 6 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધી કુલ 13 મીમી વરસાદ નોંધાયો હતો. દિવસભર વાદળછાયું વાતાવરણ અને વચ્ચે-વચ્ચે વરસેલા વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી, જ્યારે કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં રસ્તાઓ ભીના બન્યા હતા. ચાલુ ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં પાદરા-વડું પંથકમાં કુલ 355 મીમી વરસાદ નોંધાયો છે. વરસાદથી ખેતીકાર્યોને વેગ મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે અને ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં પણ પાદરા સહિત વડોદરા જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

બોડેલીના ઢોકલીયા રોડ પર ખાડાઓનું સામ્રાજ્ય, વાહનચાલકો મુશ્કેલીમાં

(પ્રતિનિધિ) બોડેલી, તા. 24

ચોમાસાના વરસાદ બાદ બોડેલી શહેરના ઢોકલીયા પ્રવેશદ્વાર નજીક આવેલા મુખ્ય માર્ગની હાલત અત્યંત બિસ્માર બની છે. રસ્તા પર ઠેર-ઠેર મોટા ખાડા પડી જતાં અને તેમાં વરસાદી પાણી ભરાઈ રહેતાં વાહનચાલકો તથા રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વરસાદી પાણીના કારણે ખાડા દેખાતા ન હોવાથી ખાસ કરીને બાઈકચાલકો માટે અકસ્માતનો ભય વધી ગયો છે. શહેરના મુખ્ય પ્રવેશ માર્ગ પર દિવસભર ભારે વાહનવ્યવહાર રહેતો હોવા છતાં રસ્તાની જર્જરિત હાલત યથાવત છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોએ માર્ગનું તાત્કાલિક સમારકામ, ખાડાઓ ડામરથી પુરવા તેમજ વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવા સંબંધિત તંત્ર સમક્ષ માંગણી કરી છે.

પીલોલ-આસોજ અંડરપાસમાં પાણી ભરાતા ૧૦૮ એમ્બ્યુલન્સ ફસાઈ

(પ્રતિનિધિ) સાવલી, તા. 24

સાવલી તાલુકાના પીલોલ-આસોજ ગામ વચ્ચે આવેલા રેલવે અંડરપાસમાં વરસાદી પાણી ભરાતાં 108 એમ્બ્યુલન્સ ફસાઈ ગઈ હતી. વૈકલ્પિક માર્ગ ન હોવાથી એમ્બ્યુલન્સ આગળ વધી શકી નહોતી, જેના કારણે દર્દીના પરિવારને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

છેલ્લા 24 કલાકમાં માત્ર 31 મિમી વરસાદ છતાં અંડરપાસમાં પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો માટે માર્ગ જોખમી બન્યો હતો અને અનેક બાઈકમાં પાણી ઘૂસી જવાના બનાવો બન્યા હતા.

દર વર્ષે સર્જાતી આ સમસ્યાને લઈને સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. તેમણે વરસાદી પાણીના કાયમી નિકાલની વ્યવસ્થા કરીને સમસ્યાનો સ્થાયી ઉકેલ લાવવાની માંગ કરી છે.

૧૬ દિવસ બાદ ડેસરના પશુપાલકોનું દૂધ રાણીયા મંડળીમાં ફરી સ્વીકારાયું

આંદોલનની જાહેરાત પહેલાં જ થયો નિકાલ; 400થી વધુ પશુપાલકોમાં ખુશીનો માહોલ

(પ્રતિનિધિ) સાવલી, તા.24

ડેસર તાલુકાના નવા શિહોરા, જુના શિહોરા, પીપળીયા, અજબપુરા, મીઠાપુરા અને રાયપુરા સહિતના ગામોના પશુપાલકો નું દુધ છેલ્લા 16 દિવસથી રાણીયા ખાતેની દૂધ મંડળી દ્વારા સ્વીકારાયું ન હતું. તાલુકાના 400 ઉપરાંત પશુપાલકો 15 દિવસ સુધી રાહ જોઈને બેઠા હતા કે કોઈ યોગ્ય નિકાલ આવે પરંતુ નિકાલ આવતો ન હતો અનેક જગ્યાઓ પર લેખિત મૌખિક રજૂઆતો કરીને આખરે સોશિયલ મીડિયા ઉપર આંદોલનની જાહેરાત કરી હતી પશુપાલકો આંદોલન શરૂ કરે તે પહેલા કોઈપણ જાતના હોબાળા વગર રાણીયા મંડળીમાં દૂધ સ્વીકારાયું હતું દૂધ સ્વીકારતા પશુપાલકોના ચહેરા ઉપર પુનઃ સ્મિત રેલાયું હતું પશુપાલકો જણાવી રહ્યા છે કે અમારે હવે તંત્ર સામે કોઈ માંગણી નથી અમારો યોગ્ય નિકાલ આવી ગયો છે. બીજા દિવસથી આંદોલન શરૂ કરે તે પહેલા પશુપાલકોને કોઈપણ જાતનો હોબાળો કર્યા વગર રાણીયા મંડળીમાં દૂધ લેવાનું શરૂઆત કરાઈ સાઈલેન્ટ સમાધાન આવતા પશુપાલકોમાં ખુશી નું મોજુ ફરી વળ્યું હતું.

પશુપાલકોના 15 દિવસના લેખા જોખા

6 જુલાઈ: બહારના જિલ્લાનું દૂધ સ્વીકારવું શક્ય ન હોવાનું જણાવાયું.

8 જુલાઈ: પશુપાલકોએ મામલતદારને આવેદન આપી સ્વાગત ઓનલાઈન ફરિયાદ કરી.

9 જુલાઈ: ધારાસભ્ય કેતન ઇનામદારે સહકાર મંત્રીને પત્ર લખ્યો.

14 જુલાઈ: શિહોરા-રાણીયા ચોકડી ખાતે વાહનચાલકોને દૂધ પીવડાવી અનોખો વિરોધ.

18 જુલાઈ: ઉગ્ર આંદોલનની તારીખ સોશિયલ મીડિયા પર જાહેર.

૮ મહિનાથી ગુમ યુવકનું પરિવાર સાથે મિલન

'ઓપરેશન મિલાપ' હેઠળ શિનોર પોલીસને સફળતા

(પ્રતિનિધિ) શિનોર, તા. 24

શિનોર પોલીસે 'ઓપરેશન મિલાપ' અંતર્ગત છેલ્લા આઠ મહિનાથી ગુમ થયેલા 33 વર્ષીય યુવક દિલીપકુમાર ઈશ્વરભાઈ રાઠવાને શોધી કાઢી પરિવાર સાથે મિલાપ કરાવ્યો છે. આ યુવક શિનોર તાલુકાના સીમળી ગામનો રહેવાસી છે.

પોલીસ મહાનિર્દેશક સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ, ગાંધીનગર દ્વારા ચલાવવામાં આવી રહેલા 'ઓપરેશન મિલાપ' અંતર્ગત ગુમ થયેલા બાળકો, મહિલાઓ અને વ્યક્તિઓને શોધી કાઢવા રાજ્યભરમાં વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત વડોદરા રેન્જના પોલીસ મહાનિરિક્ષક સંદીપ સિંઘ, વડોદરા ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલ તેમજ ડભોઈ ડિવિઝનના ડીવાયએસપી એ.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ અને શિનોર પોલીસ ઈન્સ્પેક્ટર આર.આર. વસાવાના સીધા માર્ગદર્શન હેઠળ શિનોર પોલીસ સ્ટેશનની ટીમે નોંધપાત્ર કામગીરી કરી છે. શિનોર તાલુકાના સીમળી ગામના ટાંકીવાળું ફળિયાના રહેવાસી દિલીપકુમાર ઈશ્વરભાઈ રાઠવા (ઉં.વ. 33) છેલ્લા 8 મહિનાથી ગુમ હતા.

આંબેડકર પ્રતિમા પાસે શિક્ષણપ્રેમીઓના શાંતિપૂર્ણ ધરણા

કરજણમાં શિક્ષણપ્રેમીઓ પર પોલીસનુ દમન: લોકશાહીના મૂલ્યોનું હનન?

(પ્રતિનિધિ) કરજણ, તા.24

કરજણ, ગુજરાત - લોકશાહીમાં વિરોધ પ્રદર્શન એ નાગરિકોનો મૂળભૂત અધિકાર છે, પરંતુ જ્યારે શાંતિપૂર્ણ વિરોધને બળજબરીપૂર્વક દબાવી દેવામાં આવે ત્યારે તે લોકશાહીના પાયાને હચમચાવી દે છે. આવો જ એક કિસ્સો કરજણમાં જોવા મળ્યો, જ્યાં શિક્ષણપ્રેમીઓ દ્વારા બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે કરવામાં આવેલા શાંતિપૂર્ણ ધરણા કાર્યક્રમને પોલીસે બળજબરીપૂર્વક વિખેરી નાખ્યો. આ ઘટનાએ સ્થાનિક સમુદાયમાં, ખાસ કરીને કાયદાકીય વર્તુળોમાં, ભારે રોષ જગાવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કરજણના શિક્ષણપ્રેમીઓ દ્વારા કોઈ ચોક્કસ મુદ્દે વિરોધ દર્શાવવા માટે બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સમક્ષ ધરણાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કરજણના વકીલો પણ જોડાયા હતા, જે દર્શાવે છે કે આ મુદ્દો કેટલો ગંભીર અને વ્યાપક હતો. આ ધરણા શાંતિપૂર્ણ રીતે ચાલી રહ્યા હતા, જેમાં કોઈ પણ પ્રકારની હિંસા કે અરાજકતાનો માહોલ નહોતો. તેમ છતાં, કરજણ પોલીસે અચાનક કાર્યવાહી કરીને ધરણા પર બેઠેલા લોકોને બળજબરીપૂર્વક ઉઠાવી લીધા અને પોલીસ વાહનોમાં બેસાડીને પોલીસ સ્ટેશન લઈ ગયા. પોલીસની આ કાર્યવાહીને કરજણ બાર એસોસિએશનના ધારાશાસ્ત્રી મિનેશ પરમારે સખત શબ્દોમાં વખોડી કાઢી છે. તેમણે આ ઘટનાને "પોલીસની તાનાશાહી" ગણાવી છે.

કરજણમાં NEET પેપર લીક મુદ્દે કોંગ્રેસનું ધરણાં પ્રદર્શન

કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર

(પ્રતિનિધિ) કરજણ, તા. 24

કરજણ નગરમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા NEET પેપર લીક કૌભાંડના વિરોધમાં એક મજબૂત ધરણાં આંદોલનનું આયોજન કરવામાં આવ્યું હતું. નવાબજાર વિસ્તારમાં આવેલા ગાંધી ચોક પાસે યોજાયેલા આ પ્રદર્શને શિક્ષણ ક્ષેત્રે વ્યાપેલા ભ્રષ્ટાચાર અને યુવાનોના ભવિષ્ય સાથે થતી ચેડાં પ્રત્યે કોંગ્રેસની ગંભીર ચિંતાને ઉજાગર કરી હતી. આ આંદોલનમાં કોંગ્રેસના સ્થાનિક નેતાઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ ધરણાં પ્રદર્શનમાં કોંગ્રેસ પ્રમુખ પિન્ટુભાઈ પરેલ, શહેર પ્રમુખ હર્ષદ સિંહ ગોહિલ ઉર્ફે કાલુ કાકા, સાગરભાઈ ભટ્ટ, સુરેશ રોહિત અને અન્ય કાર્યકરો સક્રિયપણે જોડાયા હતા. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરવાનો હતો, કારણ કે NEET જેવી મહત્વપૂર્ણ પરીક્ષામાં પેપર લીક થવા જેવી ગંભીર ઘટનાઓ તેમની દેખરેખ હેઠળ બની હતી. આ ઘટનાઓએ લાખો વિદ્યાર્થીઓના સપના પર પાણી ફેરવી દીધું છે અને તેમના ભવિષ્યને અનિશ્ચિતતાના વમળમાં ધકેલી દીધું છે.

ચોકારી દેવપુરામાં સાપના ડંખથી યુવકનું મોત

પાદરા : પાદરા તાલુકાના ચોકારી દેવપુરા ગામમાં સાપના ડંખથી એક 23 વર્ષીય યુવકનું સારવાર દરમિયાન મોત નીપજતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. પ્રાપ્ત માહિતી મુજબ, ચોકારી દેવપુરા ગામના અરવિંદભાઈ ચીમનભાઈ પઢીયાર (ઉ.વ. 23) ગતરોજ રાત્રે ગામમાં મંગળભાઈ ભાવજીભાઈ પઢીયારના ઘરે ટીવી જોવા ગયા હતા. ટીવી જોતા જોતા તેઓ ઘરની અંદર જમીન પર જ સૂઈ ગયા હતા. આ દરમિયાન વહેલી સવારે અંદાજે 3 વાગ્યાના અરસામાં તેમને છાતીના ડાબા ભાગે સાપે ડંખ માર્યો હતો. પરિવારજનો દ્વારા તાત્કાલિક તેમને પાદરા સ્થિત જીવન જ્યોત હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

નસવાડીની ૬૦ ગ્રામ પંચાયતોના તલાટીઓને તાલુકા વિકાસ અધિકારીએ નોટિસ ફટકારી

નસવાડી જૂથ ગ્રામ પંચાયતમાં એક કરોડ 36 લાખ રૂપિયા વસુલાત બાકી

(પ્રતિનિધિ) નસવાડી, તા. 24

નસવાડી તાલુકામાં 60 ગ્રામ પંચાયતો આવેલી છે આ તમામ ગ્રામ પંચાયતોમાં તલાટીઓ દ્વારા વીરા વસુલાતની કામગીરી નબળી હતી જેને લઈને નસવાડી નાતાલુકા વિકાસ અધિકારીએ તમામ તલાટીઓ પાસે ગ્રામ પંચાયત દ્વારા વેરા વસુલાતની કામગીરીનો પત્રકો મંગાવતા આ પત્રકોમાં માસિક મિટિંગમાં સમીક્ષા કરવામાં આવતા જેમાં નસવાડી જૂથ ગ્રામ પંચાયતમાં એક કરોડ 36 લાખ રૂપિયા વેરો ઉઘરાવવાનો બાકી છે જ્યારે નસવાડી જૂથ ગ્રામ પંચાયતમાં કામગીરી જણાય આવી હતી તે જ રીતના તાલુકાની તમામ ગ્રામ પંચાયતોમાં વેરા વસુલાત ની નબળી કામગીરી તાલુકા વિકાસ અધિકારીને ધ્યાને આવતા તાલુકા વિકાસ અધિકારીએ તમામ તલાટીઓને નોટિસ ફટકારી ખુલાસો માંગી માસિક મિટિંગમાં તલાટીઓનો તાલુકા વિકાસ અધિકારીએ બરાબર ઉધડો લીધો હતો અને દરેક તલાટીને વેરા વસુલાતની કામગીરી ઝડપથી કરવા માટે સૂચના આપી છે પરંતુ નસવાડી તાલુકાની ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા તલાટીઓ ગામડાઓ સુધી જતા નથી પ્રજાને વીરો ભરવો હોય તો નસવાડી આવવું પડે છે અને નસવાડી ખાતે તલાટીઓ ખાનગી મકાનોમાં ગ્રામ પંચાયતની કચેરીઓ ચલાવે છે.

૨૦ વર્ષ જૂના ગુનાના બે ફરાર આરોપીઓની શોધમાં ડભોઈ પોલીસ

વડોદરા : ડભોઇ પોલીસ સ્ટેશન A -પાર્ટ ગુ.ર.નં.૧૬૦/૨૦૦૫ ઇપીકો કલમ ૩૨૫, ૫૦૪, ૩૨૩, ૧૧૪, બી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે આરોપીઓ સુરેશભાઇ ચીમનભાઇ વાઘરી રહે. ભાયાપુરા તા.ડભોઇ જી.વડોદરા તથા કાસમ રામબહાદુર સિંધી રહે. ભાયાપુરા તા.ડભોઇ જી.વડોદરાના વિરુધ્ધમાં તા.૦૩/૦૯/૨૦૦૫ના રોજ ગુનો દાખલ થયેલ હતો અને આ ગુનાની તપાસ દરમ્યાન આરોપીની ગુનાના કામે તપાસ કરી-કરાવડાવતા આ બન્ને આરોપી મળી આવેલ ન હોવાથી તેઓના વિરુધ્ધમાં નામદાર કોર્ટમાંથી BNSS કલમ ૮૪/CRPC ૮૨ મુજબ ફરારી જાહેરનામુ જાહેર કરાયેલ છે. આ બન્ને આરોપીઓ અંગે કોઇ ભાળ મળે તો પોલીસ ઇન્સ્પેકટર ડભોઇ પોલીસ સ્ટેશનને જાણ કરવા જણાવાયું છે.

ગૌરીવ્રતે પાદરામાં ૨૦૦થી વધુ દીકરીઓને વિનામૂલ્યે ગોરોનું વિતરણ

(પ્રતિનિધિ) પાદરા, તા. 24

ગૌરીવ્રતના પાવન અવસરે પાદરામાં સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત શ્રી ૐ સાંઈ નાસ્તા હાઉસ, સનાતન હિન્દુ રાષ્ટ્ર સંગઠન-પાદરા તથા રામેશ્વરમ હોટલના સંયુક્ત ઉપક્રમે ગૌરીવ્રત કરતી દીકરીઓને વિનામૂલ્યે ઉગાડેલી ગોરોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્ય દરમિયાન 200થી વધુ દીકરીઓને ગોરોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગૌરીવ્રત નિમિત્તે યોજાયેલા આ સેવાયજ્ઞને દીકરીઓ અને તેમના પરિવારજનો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. આયોજકોએ જણાવ્યું હતું કે દીકરીઓના ચહેરા પર જોવા મળેલી ખુશી અને ભક્તિભાવ જ તેમના માટે સૌથી મોટો પુરસ્કાર છે. આ પ્રસંગે સેવા કાર્યમાં સહયોગ આપનાર દાતાશ્રીઓ, કાર્યકરો અને શુભેચ્છકોનો આયોજકો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમજ માતા ગૌરી સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્યનો આશીર્વાદ વરસાવે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.